**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૦૮/૨૦૧૭ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૬૮૫/૧૭**

**સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**

આજરોજ મે.પોલીસ કમિશ્નરશ્રીની અમદાવાદ શહેર નાઓએ પો.સ્ટે.ના પ્રોહી/જુગાર લીસ્ટેડ બુટલેગર તથા દારૂની હેરાફેરી કરવા વાળા તેમજ અનલીસ્ટેડ પ્રોહી/જુગારની પ્રવૃતી કરતા ઇસમોને ત્યાં રેઇડ કરી કાયદેસરની કાર્યવાહી કરવા મુજબની સુચના મુજબ સેકટર-૧ શ્રી તેમજ ઝોન-૧ શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'ક' વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે થલતેજ-શીલજ રોડ, આંબલી રેલ્વે સ્ટેશનના છાપરાની પાછળ રેલ્વે પાટા પાસે ઝાડીઓની વચ્ચે ખુલ્લી જગ્યામાં જાહેરમાં વગર પાસ પરમીટનો ૧૦૮ લીટર દેશીદારૂ કિ.રૂ.૨૧૬૦/- ઇગ્લીશ દારૂની સીલબંધ બોટલ નંગ-૧૬ કિ.રૂ.૮૦૦૦/- મો.ફોન નંગ-૧ કિ.રૂ.૧૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૧૧૬૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ઓમસીંગ પનેસીંગ સોલંકી ઉ.વ.૨૪ રહે.હાલ આંબલી રેલ્વે સ્ટેશન પાસે કાચા છાપરા થલતેજ, અમદાવાદ મૂળ ગામ.કોરવા, તા.ફતેહગઢ, જી.જેસલમેર (રાજસ્થાન) નાને પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરતી સોલા પોલીસ

**વટવા પોલીસ સ્ટેશન :**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

**મિલ્કત સબંધી**

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૫૪૩/૨૦૧૭ તા.૨૧/૦૮/૨૦૧૭ પાસા અટકાયતી નામે મુકેશ ઉર્ફે બલ્લુ સ/ઓ બલરામ જાતે-મદ્રાસી(કવંડર) ઉવ.૪૨ રહે, પી.ડબલ્યુ.ડી. ના છાપરામાં ચંડોળા તળાવ પાસે ઈસનપુર અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં દાખલ થયેલ મિલ્કત સબંધી/શરીર સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૧/૦૮/૨૦૧૭ ના કલાક ૨૧/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

## સુરક્ષા સેતુ રથ:

સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હ્તુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.